RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 10 Date: 30.10.2023,Monday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## મોદીએ 'મન કી બાત'માં કહ્યું

# એ જ પ્રોડક્ટ ખરીદો જેના માટે દેશવાસીઓએ પરસેવો પાડ્યો હોય', એશિયન ગેમ્સ અને પેરા એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓના પ્રદર્શનની પ્રશંસા કરી




નવીદિલ્હી,તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રેડિયો કાર્યક્રમ મન કી બાતનો ૧૦૬મો એપિસોડ આજે પ્રસારિત કરવામાં આવ્યો હતો. વડાપ્રધાને સવારે ૧૧ વાગ્યે રાષ્ટ્રને સંબોધન કર્યું. ઓલ ઈન્ડિયા રેડિયો પર મન કી બાતનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાને એશિયન ગેમ્સ અને પેરા એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓના પ્રદર્શનની પણ પ્રશંસા કરી અને ખેલાડીઓને અભિનંદન પણ આપ્યા. આ પછી વડાપ્રધાને ગુજરાતમાં અંબાજી મંદિરના માર્ગ પર બનેલી પ્રતિમાઓ વિશે રસપ્રદ માહિતી આપી હતી. તેણે કહ્યું કે આ મૂર્તિઓ જંકથી બનેલી છે. વડા પ્રધાને ત્યારબાદ આસામના કામરૂપ જિલ્લામાં સ્થિત એક શાળાનો ઉલ્લેખ કર્યો, જ્યાં વિદ્યાર્થીઓ પ્લાસ્ટિકનો કચરો એકઠો કરે છે અને તેમાંથી ઈકો-ફ્રેન્ડલી ઈંટો અને અન્ય વસ્તુઓ બનાવે છે. પીએમએ કહ્યું કે આ પહેલ દ્વારા બાળકોને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

વડાપ્રધાને કહ્યું કે 'ભારત આદિવાસી યોદ્ધાઓનો સમૃદ્ધ ઈતિહાસ ધરાવે છે. દેશ તેના આદિવાસી સમાજનો આભારી છે, જેણે હંમેશા રાષ્ટ્રના સ્વાભિમાન અને ઉત્થાનને સર્વોપરી રાખ્યું છે. આમાં તિલકા માંઝીએ અન્યાય સામે અવાજ ઉઠાવ્યો હતો. સિદ્ધો કાન્હુએ સમાનતાનો અવાજ બુલંદ કર્યો. અમને તાંત્યા ભીલ પર ગર્વ છે અને શહીદ વીર નારાયણ સિંહને આદરપૂર્વક યાદ કરીએ છીએ. વીર રામજી ગોંડ હોય, વીર ગુંદાધુર હોય કે ભીમ નાયક હોય, અમે હજુ પણ તેમની હિંમતથી પ્રેરિત છીએ. અલ્લુરી સીતારામ રાજુએ આદિવાસીઓમાં જે પ્રકાશ જગાવ્યો હતો તે દેશ આજે પણ યાદ કરે છે. ઉત્તર પૂર્વમાં, કિઆંગ નોબાંગ અને રાણી ગેડિનલિયુ જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ રાજમોહિની દેવી અને રાણી કમલાપતિ જેવી નાયિકાઓ છે.

વડાપ્રધાને કહ્યું, '૩૦મી ઓક્ટોબરે ગોવિંદ ગુરુજીની પુણ્યતિથિ પણ છે. ગુજરાત અને રાજસ્થાનના આપણા આદિવાસી અને વંચિત સમુદાયોના જીવનમાં ગોવિંદ ગુરુજીનું ખૂબ જ વિશેષ મહત્વ છે. હું પણ ગોવિંદ ગુરુજીને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. નવેમ્બર મહિનામાં આપણે માનગઢ હત્યાકાંડની વર્ષગાંઠ પણ ઉજવીએ છીએ. તે હત્યાકાંડમાં શહીદ થયેલા ભારતી માતાના તમામ બાળકોને હું સલામ કરું છું.

'૧૫ નવેમ્બરે સમગ્ર દેશ આદિવાસી ગૌરવ દિવસની ઉજવણી કરશે.' આ ખાસ દિવસ ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ સાથે જોડાયેલો છે. ભગવાન બિરસા મુંડા આપણા બધાના હૃદયમાં વસે છે. આપણે તેમના જીવનમાંથી શીખી શકીએ છીએ કે સાચી હિંમત શું છે અને વ્યક્તિના નિશ્ચયમાં અડગ રહેવાનો અર્થ શું છે. ભગવાન બિરસા મુંડાએ ક્યારેય વિદેશી શાસન સ્વીકાર્યું ન હતું. તેમણે એવા સમાજ વિશે વિચાર્યું જ્યાં અન્યાય ન થાય. ભગવાન બિરસા મુંડાએ પણ પ્રકૃતિ સાથે સુમેળમાં રહેવા પર ભાર મૂક્યો હતો. આજે પણ, આદિવાસી લોકો પ્રકૃતિની સંભાળ અને સંરક્ષણ માટે સમર્પિત છે. આદિવાસી ભાઈઓ અને બહેનોનું કાર્ય આપણા બધા માટે ખૂબ જ પ્રેરણાદાયી છે.

પીએમ મોદીએ કહ્યું, 'કન્યાકુમારીના થિરુ એ. ના. પેરુમલ જીનું કામ પણ ખૂબ જ પ્રેરણાદાયી છે. તેમણે તમિલનાડુની વાર્તા કહેવાની પરંપરાને જાળવી રાખવાનું પ્રશંસનીય કામ કર્યું છે. તેઓ છેલ્લા ૪૦ વર્ષથી આ મિશનમાં જોડાયેલા છે. આ માટે, તે તમિલનાડુના વિવિધ ભાગોમાં પ્રવાસ કરે છે અને લોક કલાના સ્વરૂપો શોધે છે અને તેને તેમના પુસ્તકનો એક ભાગ બનાવે છે. તેમણે અત્યાર સુધીમાં લગભગ ૧૦૦ પુસ્તકો લખ્યા છે. પેરુમલ જીને તમિલનાડુની મંદિર સંસ્કૃતિ વિશે સંશોધન કરવાનું પણ પસંદ છે. જેનો સ્થાનિક લોક કલાકારોને ઘણો ફાયદો થઈ રહ્યો છે.

'હું તમારી સાથે તામિલનાડુના ભવ્ય વારસાને લગતા બે ખૂબ જ પ્રેરણાદાયી પ્રયાસો શેર કરવા માંગુ છું. મને પ્રખ્યાત તમિલ લેખિકા બહેન શિવશંકરીજી વિશે જાણવાની તક મળી છે. તેમણે એક પ્રોજેક્ટ કર્યો છે - નીટ ઈન્ડિયા, થ્રુ લિટરેચર. તેનો અર્થ સાહિત્ય દ્વારા દેશને ગૂંથવું અને જોડવાનો છે. તે છેલ્લા ૧૬ વર્ષથી આના પર કામ કરી રહી છે અને આ પ્રોજેક્ટ દ્વારા તેણે ૧૮ ભારતીય ભાષાઓમાં લખેલા સાહિત્યનો અનુવાદ કર્યો છે. તેમણે વિવિધ લેખકો અને કવિઓના ઈન્ટરવ્યુ માટે દેશભરમાં પ્રવાસ કર્યો છે. આ પ્રોજેક્ટમાં ચાર વોલ્યુમ છે અને દરેક વોલ્યુમ ભારતના અલગ-અલગ ભાગને સમર્પિત છે.

વડા પ્રધાને કહ્યું, 'તાજેતરમાં મને દેશના દરેક ગામ અને દરેક ઘરમાંથી માટી એકત્રિત કરવા માટે વિનંતી કરવામાં આવી હતી. દરેક ઘરમાંથી માટી એકત્ર કર્યા બાદ તેને કલશમાં રાખવામાં આવી હતી અને ત્યારબાદ અમૃત કલશ યાત્રા કાઢવામાં આવી હતી.

## વિદ્યાનગરમાં ગેરકાયદે ખાતર સંગ્રહ કરનાર ૨ સામે ગુનો નોંધાયો




આણંદ : વિદ્યાનગરની જીઆઈડીસીમાં આવેલી એક ઈન્ડસ્ટ્રીઝમાંથી એલસીબી પોલીસે લગભગ બાવીસ દિવસ પૂર્વે ઝડપી પાડેલા રૂા.૨.૪૬ લાખ ઉપરાંતની કિંમતના યુરિયા ખાતરના જથ્થા અંગે વિદ્યાનગર પોલીસે ફેક્ટરીના માલિક સહીત બે વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિદ્યાનગરની જીઆઈડીસી વિસ્તારમાં આવેલા વિશ્વાસ ટુલ્સ ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉનમાં ગેરકાયદેસર રીતે ખાતરનો સંગ્રહ કરાયો હોવાની બાતમી આણંદ એલસીબી પોલીસને મળી હતી. ગત તા.૫મી ઓક્ટોબરના રોજ એલસીબી પોલીસે જીઆઈડીસી ખાતે આવેલા ગોડાઉનમાં ઓચિંતો છાપો માર્યો હતો. જેમાં ગોડાઉન ખાતેથી શંકાસ્પદ યુરિયા ખાતરનો જથ્થો મળી આવતા પોલીસે આણંદ જિલ્લા ખેતીવાડી અધિકારીને આ અંગે જાણ કરતા ખેતીવાડી વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ખેતીના ઉપયોગ માટેનું નીમકોટેડ તથા ઈન્ડસ્ટ્રીયલ ઉપયોગ માટેનું ટેકનીકલ ગ્રેડ યુરીયાની કુલ-૧૧૬ બેગ કબજે લીધી હતી.

ટીમ દ્વારા જરૂરી નમૂના લઈ રાસાયણિક ખાતરની ચકાસણી માટે ગાંધીનગર ખાતે નમૂના મોકલી આપવામાં આવ્યા હતા. પૃથક્કરણનો અહેવાલ આવતા ઈન્ડસ્ટ્રીઝ ખાતેથી પકડાયેલા ખાતરનો જથ્થો નીમકોટેડ યુરિયા ખાતર ખેતી ઉપયોગ માટે તથા ટેકનીકલ ગ્રેડ યુરિયા ઈન્ડસ્ટ્રીયલ ઉપયોગ માટેની ખાતરની બેગોના જથ્થામાં કૃભકો દ્વારા નિર્મિત યુરિયા ખાતર ખેડૂત વપરાશ માટેનું જ હોવાનો અહેવાલ આવતા ખેતીવાડી અધિકારી પાર્થિક પટેલે વિદ્યાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વિપુલકુમાર દેવમુરારી (રહે.ચાવડાપુરા, આણંદ) તથા ટ્રુમાર્ક કોર્પોરેશન પ્રા.લી. અમદાવાદના જવાબદાર વ્યક્તિ વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બોટાદનાં રહેણાંકી મકાનમાં ચાલતા અનૈતિક દેહ વ્યાપારના કારોબાર પર પોલીસનો દરોડો



ભાવનગર : બોટાદમાં આવેલ પકાશેઠની વાડીમાં આવેલ રહેણાંકી મકાનના ઉપરના ભાગે ચાલતા અનૈતિક દેહ વ્યાપારના કારોબારમાં બોટાદ પોલીસે દરોડો પાડીને અનૈતિક પ્રવૃત્તિ ચલાવનાર મકાન માલિક સહિત ત્રણ અને પાંચ ગ્રાહકો મળી કુલ ૦૮ વ્યક્તિને ઝડપી લઇ રોકડ રકમ, મોબાઈલ, વાહનો સહિત કુલ રૂ. ૧૦.૫૭ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ બોટાદમાં આવેલ પકાશેઠની વાડીમાં મુન્નાભાઈ બાવચંદભાઈ જોગરાણા પોતાના રહેણાંકી મકાનના ઉપરના માળે ધાબામાં આવેલ ત્રણ ઓરડીમાં અનિલભાઈ રૂપાભાઈ પરમાર (રહે. ઢાંકણીયા) તથા વિનોદભાઈ રામજીભાઈ તલસાણીયા (રહે. કુંડલી ) ની સાથે મળી ભાગીદારીમાં અનૈતિક દેહ વ્યાપારનો ધંધો કરાવે છે. જે બાતમીના આધારે નાયબ પોલીસ અધિક્ષકની કચેરી તથા બોટાદ પોલીસ મથકના ઈન્સ્પેક્ટર અને ટીમે બાતમી વાળી જગ્યાએ ખરાઈ કરવા માટે એક ડમી ગ્રાહકને મોકલ્યો હતો ઘર નજીક વોચ ગોઠવી હતી. ડમી ગ્રાહક મારફત ખરાઈ અંગેનો કોલ મળતા જ પોલીસે મુન્નાભાઈ જોગરાણાના મકાનમાં દરોડો પાડી તપાસ કરતા મકાનના ઉપરના ભાગે આવેલ ત્રણ રૂમમાંથી બે રૂમમાંથી બે પરપ્રાંતીય યુવતીઓ દેહ વ્યાપારના કારોબારમાં સંકળાયેલી મળી આવી હતી.પોલીસે દેહ વ્યાપારનો કારોબાર ચલાવતા મુન્નાભાઈ ભાવસંગભાઈ જોગરાણા (રહે.ઢાકણીયા, તા.જી.બોટાદ), અનિલ રૂપાભાઈ પરમાર રહે.ઢાકણીયા, વિનોદ રામજીભાઈ તલસાણીયા (રહે.કુંડલી) ઉપરાંત ગ્રાહક તરીકે આવેલા મોહમ્મદશરીફ જીવાભાઈ ખોખર (રહે.રાણપુર), વિજય નાથાભાઈ સાકરીયા (રહે. બોટાદ), રાહુલ ધીરુભાઈ સરવૈયા (રહે. બોટાદ), વિશાલ લક્ષ્મણભાઈ મેર (રહે. બોટાદ) અને ભગવતસિંહ લાલુભાઈ પવાર (રહે. બરવાળા) ને ઝડપી લીધા હતા.પોલીસે રૂ. ૧૯,૭૨૦ રોકડા, ૦૭ મોબાઈલ, ૦૫ મોટરસાઈકલ અને એક કાર મળી કુલ રૂ. ૧૦,૫૭,૭૨૦ નો મુદ્દામાલ કબજે કરી તમામ વિરુદ્ધ અનૈતિક વ્યાપાર ( પ્રતિબંધ ) અધિનિયમની કલમ ૩,૪,૫ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## અરવલ્લી : મોડાસા ટાઉન પોલીસે જ્યુપિટરમાંથી ૨૫૨ અને ઇસરી પોલીસે ઇકો કારમાંથી ૯૩ બોટલ વિદેશી દારૂ ઝડપ્યો

અરવલ્લી જીલ્લા પોલીસવડા શૈફાલી બારવાલના માર્ગ્દર્શન હેઠળ જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગો પરથી થતી દેશી-વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરો સામે સંકજો કસ્યો છે મોડાસા ટાઉન પોલીસે ગણેશપુર નજીક જ્યુપિટરમાંથી ૩૦ હજારનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો ઈસરી પોલીસે નીલકંઠ ગામ નજીકથી ૪૪ હજારથી વધુનો વિદેશી દારૂ ભરી પસાર થતી ઈકો કારનો ફિલ્મીઢબે પીછો કરતા રમાડ ગામ નજીક બુટલેગર બિનવારસી મૂકી ફરાર થતા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા ટાઉન પીઆઈ ડી.કે.વાઘેલા અને તેમની ટીમે ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરતા ગણેશપુર ગામ નજીક બુટલેગર જ્યુપિટરમાં વિદેશી દારૂ ભરી આવી રહ્યો હોવાની બાતમી મળતા પોલીસે વોચ ગોઠવી બાતમી આધારીત જ્યુપિટરને અટકાવવાનો પ્રયાસ કરતા બુટલેગરે મોપેડ ફુલસ્પીડે હંકારી મૂકી ખેતરો તરફ જવાના રસ્તા પર મૂકી ફરાર થઇ જતા પોલીસે જ્યુપિટરની ડેકી અને થેલામાં રહેલ વિદેશી દારૂની બોટલ નંગ-૨૫૨ કી.રૂ.૩૦૭૨૦/- મળી રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગર સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અન્ય એક બનાવમાં ઈસરી પોલીસે ફિલ્મીઢબે ઈકો કારનો પીછો કરી રમાડ ગામ નજીકથી કારમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૯૩ કી.રૂ.૪૪૪૧૫/- સહીત ૩.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## પ્રજ્ઞા સાર્થક, જીવનસ્યસેતુ વ્યકિત વિશેષ પ્રો. ડો. મનોજભાઈ ગોંગીવાલા દ્વારા ૯ લાખ બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું



અરવલ્લી જિલ્લાના મોડાસાની સાયન્સ કોલેજમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતા મનોજભાઈ ગોંગીવાલા એ માં અંબેનુ આરાધનાનું પર્વ ચૈત્રી નવરાત્રિ થી ઓરિજીનલ ×ગલુકો બિસ્કિટસ્ - પાર્લે જી× નું સમર્પણ સેવા જુદી જુદી સંસ્થાઓ અને પ્રદેશમાં જેવીકે ગ્રામ્ય વિસ્તારની શાળાઓ, વૃધ્ધાશ્રમ, વિકલાંગ આશ્રમ, મંદીરો, વિસામો, હોસ્પિટલસ્ ના દર્દીઓ, નિવાસી શાળાઓ, અંધજન શાળા જેવી અનેક વિવિધ સંસ્થાઓમાં આસો સુદ નવરાત્રી સુધી માં નવલાખ જેટલાં બિસ્કિટસ્ નું સમર્પણ નીસ્વાર્થ ભાવે કર્યું તેમજ ગવર્મેંટ કોજેંટ યુનિટના પંચ પ્રકલ્પના કોઓર્ડીનેટર તરીકે વિવિધ વિદ્યાશાળા ઓમાં પચીસથી વધુ ×ચર્ચાસભા× ઓ અંતર્ગત વિવિધ પ્રકારના પ્રકલ્પ વિશે બાળકોને માહિતગાર કર્યા.

માતૃભૂમિ વલસાડની સામાજિક સંસ્થા શ્રી એમ. એસ. પી સંઘ દ્વારા ૨૦૧૫ માં હીરક મહોત્સવ નું ચેરમેન પદ સાથે સંસ્થા એ ×શ્રેષ્ઠ દાનવીર× અને કર્મભૂમિ મોડાસા અરવલ્લી મા આવેલ દેવરાજ ધામે થી પરમ પૂજ્ય ગુરુદેવ ધનગીરી બાપુના વરદ હસ્તે પચાસ થી વધુ વખત રક્તદાતા તરીકે ×દેવરાજ સમાજ રત્ન× ના પારિતોષિકો મેળવ્યા છે. તેઓશ્રી દ્વારા વિવિધ સંસ્થામાં તિથિ ભોજન માટે પણ સમર્પણ કરેલ છે. તેમનો દિકરો જતિન અમેરિકા ખાતે ડેટા સાયન્ટિસ્ટ તરીકે સ્થાઈ છે. માં ની આરાધનાનુ આ પાવન પર્વ આસો નવરાત્રીના અવસરે શ્રી. મનોજભાઈ સર્વે સંસ્થા ઓનો સહ સ્નેહ આભાર વ્યક્ત કર્યો હતો.

## તંત્રી લેખ......

# સંસદમાં પૈસા લઈને પ્રશ્ન પૂછવાનો ખેલ

તૃણમૂલ કોંગ્રેસનાં આખાબોલાં સાંસદ મહુઆ મોઈત્રા સાથે જોડાયેલી ઘટનાથી ૧૮ વર્ષ પહેલાંની સ્મૃતિઓ તાજી થઈ ગઈ. ૨૮ ડિસેમ્બર, ૨૦૦૫ના રોજ નાણાં લઈને સંસદમાં પ્રશ્ન પૂછવાના આરોપમાં લોકસભાના ૧૦ તથા રાજ્યસભાના એક સદસ્યને બરખાસ્ત કરી દેવામાં આવ્યા હતા. તેમાં ભાજપના છ, બસપાના ત્રણ અને કોંગ્રેસ તથા રાજદના એક-એક સાંસદ સામેલ હતા. મહુઆ મોઈત્રા સાથે શું ફરી ઈતિહાસની પુનરાવૃત્તિ થશે? તેનો જવાબ હજુ ભવિષ્યની ગર્તામાં પડ્યો છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેના આરોપ બાદ કેસને લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ આચાર સંહિતા સમિતિને સોંપી દીધો છે તથા સીબીઆઈ પણ તેની તપાસ કરી રહી છે. તૃણમૂલ કોંગ્રેસે આ મામલે ખુદને હજુ સુધી અલગ રાખી છે. સામાન્ય રીતે આક્રમક રહેનારી પાર્ટી જો સાર્વજનિક રૂપે મહુઆ મોઈત્રાનો સાથ આપવા અને કોઈ સ્ટેન્ડ લેવાથી બચી રહી છે તો તેનો અર્થ લોકો પોતાની સુવિધા અનુસાર કરી લે. ૨૦૦૫માં સાંસદો પર આરોપ લાગવાના ૧૧ દિવસની અંદર નિર્ણય થઈ ગયો હતો. ત્યારે એક ટીવી ચેનલે સ્ટીંગ ઓપરેશન કર્યું હતું, જેમાં સાંસદો દ્વારા પૈસા લઈને પ્રશ્ન પૂછવા માટે તૈયાર હોવાનો સંદેશ આવી રહ્યો હતો. જોકે સાંસદોએ પ્રશ્ન પૂછ્યા ન હતા અને ના પૈસા લેતાં દેખાયા હતા. સંસદના બંને સદનોએ તેના માટે એક-એક સમિતિ રચી દીધી અને તેમની ભલામણોના આધાર પર આરોપી સાંસદોની સદસ્યતા ખતમ કરી દેવામાં આવી. એટલે કે સ્ટીંગ ઓપરેશનને સાચું માની લેવામાં આવ્યું. સાંસદોએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો પરંતુ તત્કાલીન લોકસભા અધ્યક્ષ સોમનાથ ચેટર્જીએ કહ્યું કે સંસદ ફેંસલો કરવા માટે સ્વતંત્ર છે અને ન્યાયાલય હસ્તક્ષેપ ન કરી શકે.

મહુઆ મોઈત્રા મામલે જોવા મળ્યું છે કે અદાણી સમૂહ પર આરોપ લગાવવા માટે તેમણે તેની પ્રતિસ્પર્ધી કંપની હીરાનંદાની સમૂહનો ઉપયોગ કર્યો. એક સાંસદ દ્વારા કોઈ કાર્પોરેટ સમૂહને સંસદનો પોતાનો ઈમેલ આઈડી અને પાસવર્ડ આપવો સામાન્ય રીતે હતપ્રભ કરનારું છે. રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્ર (એનઆઈટી)એ પુષ્ટિ કરી છે કે મહુઆ મોઈત્રાનું સંસદનું ઈમેલ આઈડી દુબઈથી ઓપરેટ થયું હતું. હીરાનંદાની સમૂહના માલિક દર્શન હીરાનંદાનીએ પણ આચાર સંહિતા સમિતિને સોંપેલ સોગંદનામામાં કહ્યું છે કે અદાણી પર નિશાનો સાધવા માટે મહુઆ મોઈત્રાના ઈમેલ આઈડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમણે એવા પ્રશ્ન તૈયાર કર્યા, જેમને તે સંસદમાં ઉઠાવી શકતી હતી.

# સુરતને આંગણે અનોખો અદભુત અનન્ય આગવો અવસર આવ્યો છે.




ડોક્ટર સેયદના અબુલ કાઈદ ઝોહર મોહમ્મદ બુરાનુદ્દીન સાહેબ.( રી.અ.) ની ૧૧૩ મી મિલાદ મુબારક અને ૫૩ મા દાઈ - એ -મુતલક ડોક્ટર સેયદના આલી કદર મુફદલ સેફુદ્દીન સાહેબ.(ત.ઉ.શ.) ની ૮૦ મી મિલાદ મુબારક ( જન્મદિવસ ) નો અનેરો આગવો અદભુત અનન્ય અવસર સુરતને આંગણે આવ્યો છે.હાલમાં તહેવારોની સીઝનમા આ સોનેરી અવસર સોને પે સુહાગા સાબિત થઈ રહ્યો છે.

૫૨ મા દાઈ -એ - મુતલક ડોક્ટર સેયદના મોહમ્મદ બુરાનુદ્દીન સાહેબ (રી.અ.) ની મિલાદ ૨૦ મી રબીઉલ આખર ૧૩૩૩ મા સુરતમાં થઈ હતી ૧૬ મી રબીઉલ અવ્વલ ૧૪૩૫ મા આપી સાહેબ મુંબઈમા વફાત થયા હતા.

આપ સાહેબે ૫૦ વરસ સુધી દાવતની ગાદી પર બિરાજમાન થઈને દાઉદી વોહરા સમાજની ઉન્નતિ પ્રગતિ માટે ૨૪/૭ અથાક અવરીત સતત પ્રયાસો કરી વિશ્વભરમાં દાઉદી વોહરા સમાજને નામના અપાવી.જેને પરિણામે દાઉદી વોહરા સમાજ દેશ વિદેશમાં શાંતિપ્રિય સંસ્કારી સ્વચ્છતા એકતા ભાઈચારા માટે વિશ્વભરમાં જાણીતો છે દાઉદી વોહરા સમાજની ગણના આજે વિશ્વભરમાં વેપારી અને શિક્ષિત સમાજ તરીકે થાય છે.આપ મૌલામા આધ્યાત્મિકતા શ્રધ્ધા ભક્તિ ભાઈચારો સર્વધર્મ સમભાવના માનવ સેવા કરવાની અદભુત ભાવના હતી જેને પરિણામે દાઉદી વોહરા સમાજ તેમની શિસ્ત ધર્મભાવના દેશપ્રેમ માટે જાણીતો છે.

આપણે ત્યાં જરૂરીયાતમંદ લોકો બહારથી વ્યાજે પેસા લઈ ધંધામા બરબાદ થઈ જાય છે.એમના વેપાર ધંધામાંથી બરકત ઊડી જાય છે.ત્યારે દરેક સમાજે દાઉદી વોહરા સમાજનું અનુકરણ કરવા જેવું છે.

દાઉદી વોહરા સમાજને વેપાર ધંધામા બરકત માટે વ્યાજના ચક્કરમાંથી બહાર લાવવા બુરહાની કરદન હસના ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે.સમાજના તમામ નાના મોટા સભ્યોને એક પણ રૂપિયો વ્યાજ લીધા વગર જોઈએ તેટલી લોન આપવામાં આવે છે.આ લોન તમને વગર વ્યાજે એક પણ રૂપિયો વ્યાજ આપ્યા વગર હપ્તેથી ભરવાની હોય છે.લાખો રૂપિયાની લોન આપવામાં આવે છે જેથી સમાજના સભ્યો વેપાર ધંધામા ખુબ જ આગળ છે.મૌલા ( ત.ઉ.શ.) ની દુવાની બરકતથી આ રૂપિયાથી વેપાર ધંધામા અકલ્પનિય બરકત વૃધ્ધિ થાય છે.

તમે જોશો કે દાઉદી વોહરા સમાજ વેપાર ધંધામા પુરેપુરી ઈમાનદારી રાખે છે.કઈ પણ ખોટું કરવું નહી.વજનમાં કોલેટીમાં બાંધછોડ કરવી નહી.સારી ચીજવસ્તુઓ વાજબી ભાવમાં વેચવી મીઠી જબાનમાં વેચવી વોહરા બિરાદરોની ખાસ વિશેષતા છે.તેમની આ ઈમાનદારીથી અને મૌલા (ત.ઉ.શ.) ની દુવાની બરકતથી વોહરા સમાજના વેપાર રોજગારમા સતત વૃધ્ધિ થયા કરે છે.

સ્વછતા અને પર્યાવરણ માટે દાઉદી વોહરા સમાજ ખુબ જ જાગૃત છે.ગામેગામ શહેરે શહેરે નજાફ્ત નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.આ સંસ્થામા સમાજના સેવાભાવી યુવાનો ૨૪/૭ સતત સાફસફાઈ જાતે કરીને શહેરને સ્વચ્છ રાખવામાં કાબિલે તારીફ કામગીરી કરે છે.ખાસ મહત્વની વાત એ છે કે કચરા સાથે ધૂળ રેતી માટી પણ ઉંચકી લઈ બરાબર સફાઈ કરે છે પછી રસ્તા પર પાણીનો છટકાવ પણ કરે છે આ યુવાનોનું આખા દેશે અનુકરણ કરવા જેવું છે જેથી આપણે સ્વચ્છતામાં સાચા અર્થમાં ૧ નંબર બનીયે.

પર્યાવરણ માટે સમાજના તમામ સભ્યોને ઝાડ રોપવા અને ઝાડની સાચવણી કરવાનું ખાસ ફરમાન છે.તમે દાઉદી વોહરા સમાજની કોઈ પણ શાળા કોલેજ કે રોજા મુબારક હોલ મસ્જિદો વાડીઓ ભોજનશાળાની મુલાકાત લેશો તો તમને ચારેબાજુ શીતળતા ઠંડકનો અહેસાસ થશે ચારે તરફ હરિયાળુ વાતાવરણ દેખાશે.

દાઉદી વોહરા સમાજમાં દીન અને દુનિયાનું ઉચ્ચમા ઉચ્ચ છેલ્લામા છેલ્લી ટેક્નોલોજી પ્રમાણેના શિક્ષણ માટે ઈન્ટરનેશનલ લેવલની વ્યવસ્થા અલ જામીયાતુસ સેફીયાહની સ્થાપના કરવામાં આવી છે જેમાં દેશ વિદેશના હજારો વિદ્યાર્થીઓ દીન અને દુનિયાનું શિક્ષણ મેળવી રહ્યા છે સમાજ તરફથી તેમના રહેવા જમવા અભ્યાસ કરવા ફાઈવ સ્ટાર હોટલને ટક્કર મારે એવી વ્યવસ્થા કરવામાં આવી છે.

ડોક્ટર સેયદના સાહેબ ( ત.ઉ શ.) દેશવિદેશમાં સમાજની ભલાઈ પ્રગતિ અને ઉન્નતિ માટે ભ્રમણ કરતા રહે છે.તેમની વાએજમા આપ સાહેબ ખાસ ફરમાવે છે કે તમે જે વતનમાં રહો છો એને મોહબ્બત કરો વતનપ્રેમ ઈમાનનો એક હિસ્સો છે.દેશપ્રેમ ઈમાનનો હિસ્સો છે.આપ સાહેબ વારંવાર ફરમાવે છે કે વતનમાં વતનના વફાદાર બનીને રહો.૫૨મા દાઈ - એ - મુતલકએ સમાજની ભલાઈ માટે શરૂ કરેલા કામો નામદાર આલી કદર ડોક્ટર મુફદલ સેફુદીન સાહેબ ( ત.ઉ.શ.) બમણા જોશથી આગળ ધપાવી રહ્યા છે.આપસાહેબની મિલાદ મુબારક ૨૩ મી રમજાને આવે છે પણ આપસાહેબે પોતાની મિલાદ મુબારક ૫૨ મા દાઈ - એ - મુતલકની મિલાદ મુબારક સાથે ગણવાની જાહેરાત કરી છે.

રોજ સવારે દેશવિદેશમાં ખૂણે ખૂણે વસતા દાઉદી વોહરા પરિવારોના ઘરે ગરમાગરમ શુદ્ધ સાત્વિક સ્વાદિષ્ટ ભોજનનું ટિફિન અચૂક આવી જાય છે આજે આ ટિફિન સેવાએ સમગ્ર દેશને આવરી લીધો છે.આ ઉપરાંત અમેરિકા પાકિસ્તાન દુબઈ કૂવેત લંડન સાઉથ આફ્રિકા સહિત સેંકડો દેશો સુધી વિસ્તરેલી છે.

આપ સાહેબ જયા પણ પધારે છે ત્યાં વાએજમાં દેશપ્રેમ વતન સાથે મોહબ્બત વ્યસનોથી દુર રહેવાની અને વ્યાજમુક્ત વેપાર કરવા પર ખાસ જોર ફરમાવે છે બધા સાથે હળીમળીને રહો કોઈની પણ સાથે વેરઝેર રાખો નહી બધાને જ માફ કરી દો.કોઈને અપશબ્દો કહો નહી ટીકાટિપણીથી દુર રહો સિનિયર સિટીજનોને આદર આપો.માન સન્માન આપો લાઈનમાં તમારાથી આગળ પહેલા મોકલી દો શક્ય એટલી મદદ કરો માતાપિતાની ઈજ્જત કરો માન સન્માન આપો આદર આપો.દરેક ધર્મને માન આપો

દુનિયાભરમાંથી સુરત પધારેલા રાજનેતાઓ શિક્ષણવિદો વિવિધ સમાજના સન્માનીય આગેવાનો વિવિધ દેશોના પ્રમુખો પ્રતિનિધિઓ સચિસુરત ખાતે ઉપસ્થિત રહી ડોક્ટર સેયદના સાહેબ ( ત.ઉ.શ.) ના આશીર્વાદ લેશે.

આજના મુબારક દિવસે એમ દુવા કરીએ કે હમારા રૂહાની રહેબર ડોક્ટર આલી કદર મૌલા ( ત ઉ.શ ) ની ઉમર શરીફને કયામતના દિવસ સુધી દરાજ અને દરાજ કરે આમીન.

અબ્દે સેયદના.( ત.ઉ.શ.).
અબ્બાસભાઈ કૌકાવાલા
સુરત

# આણંદ જિલ્લાના ૧૪ ગામોમાં નુકસાનના સર્વે બાદ પણ ખેડૂતો સહાયથી વંચિત



આણંદ : ગત સપ્ટેમ્બર માસમાં થયેલા ભારે વરસાદના કારણે તેમજ મહી નદીમાં પાણી છોડવામાં આવતા ગાંડીતૂર બનેલી મહીસાગર નદીના પાણી આણંદ જિલ્લાના કાંઠાગાળાના ખેતરોમાં ફરી વળ્યા હતા અને ઉભા પાકને ભારે નુકશાન પહોંચ્યું હતું. તંત્ર દ્વારા નુકસાની અંગે સર્વે કરાયા બાદ હજી સુધી સહાય ચૂકવવામાં ન આવતા ખેડૂતોમાં ભારે નારાજગી વ્યાપી છે.

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના કારણે મહીસાગર નદીમાં પાણી છોડવામાં આવતા આણંદ જિલ્લાના બોરસદ, આંકલાવ, ઉમરેઠ તથા આણંદ તાલુકાના મહી કાંઠાના સીમ વિસ્તારના ગામોમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. જેને લઈ ખેતરોમાં ડાંગર, બાજરી, શાકભાજી સહિત તમાકુનો પાક ધોવાઈ જતા ખેડૂતોને લાખો રૂપિયાનું નુકશાન પહોંચ્યું હતું.

પૂરના પાણી પ્રસર્યા બાદ તંત્ર દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ખેતીવાડી વિભાગ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અંદાજે એક હજાર હેક્ટરમાં પાકનું ધોવાણ થતા આશરે ૧.૭૦ કરોડ રૂપિયાનું નુકશાન થયું છે. પૂરના કારણે ૧૪ ગામોમાં થયેલા નુકસાન અંગે સર્વે કરવામાં આવ્યો હતો. સર્વે હાથ ધરાયા બાદ સરકારમાં રીપોર્ટ મોકલી આપવામાં આવ્યો છે. જો કે સરકારી તંત્ર ૩૩ ટકાના નિયમ પ્રમાણે તપાસ કરી રીપોર્ટ તૈયાર કરતું હોઈ અને ૩૩ ટકાથી વધુ નુકશાન થયું હોય તો જ સહાય ચૂકવવા આદેશ થતો હોઈ નાના ખેડૂતો સહાયથી વંચિત રહે તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. તંત્ર દ્વારા દિવાળી પૂર્વે પાક સહાય ચૂકવવામાં આવે તેવી ખેડૂતોની માંગ છે.

# નડિયાદ પાલિકા દ્વારા રખડતી ગાયો પકડવાની કામગીરી હાથ ધરાઇ

નડિયાદ : નડિયાદ શહેરમાં રખડતાં ઢોર મામલે હાઈકોર્ટના આકરા વલણ બાદ હવે તંત્ર દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે. રખડતા ઢોર પકડવા જતી ટીમો ઉપર થતા હુમલાને ધ્યાનમાં લઈને પોલીસને પણ હાઈકોર્ટ દ્વારા કડક સૂચના આપવામાં આવી હતી જેને પગલે આજે શહેરમાં પોલીસ પ્રોટેક્શન સાથે રખડતા ઢોર ડબ્બે પુરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે આ કામગીરી માત્ર હાઈકોર્ટમાં રિપોર્ટ કરવા પૂરતી જ સીમિત રહેશે કે પછી ખરેખર તંત્ર રખડતા ઢોરની સમસ્યાનો અંત લાવવા માટે સજાગ બન્યું છે તે આવનારો સમય બતાવશે.



નડિયાદ શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન શિરદર્દ સમાન બન્યો છે. આ બાબતે અરજદાર મૌલિક શ્રીમાળી દ્વારા હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવ્યા બાદ રાજ્યની તમામ નગરપાલિકાઓ તેમજ મહાનગરપાલિકાઓના વિસ્તારમાં એક સ્પેશિયલ કમિટી રચીને તપાસના આદેશ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવ્યા હતા. જેના રિપોર્ટમાં પણ પ્રશ્ન ઉકેલો હોવાનું અને તંત્રના દાવા પોકળ હોવાનું સાબિત થયા બાદ હાઈકોર્ટ દ્વારા આકરું વલણ દાખલ કરવામાં આવ્યું હતું અને લાસ્ટ વૉર્નિંગ આપવામાં આવી હતી. જેને પગલે આજે નડિયાદ શહેરમાં પોલીસ પ્રોટેક્શન સાથે રખડતા ઢોર પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પાલિકાના ઢોર ડબ્બામાં હાલમાં ૪૦ ગાયો પુરાયેલી છે અને આજે વધુ ૧૪ ગાયો અત્યાર સુધીમાં પોલીસ પ્રોટેક્શન સાથે પકડવામાં આવી છે. પાલિકા હસ્તકના ઢોર ડબ્બામાં ગાયો પુરાઈ હોવાથી હવે નવી જગ્યા પાલિકા દ્વારા શોધવામાં આવી રહી છે. જ્યાં આગામી દિવસોમાં પકડવામાં આવનારી ગાયોને રાખી શકાય. આગામી દિવસોમાં રોજ પોલીસ પ્રોટેક્શન સાથે ગાય પકડવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે હાઈકોર્ટના તીખા તેવર જોતા હવે તંત્ર કામે લાગ્યું હોય તેવું જોવા મળી રહ્યું છે.

## અરવલ્લી : રાજસ્થાન પોલીસને ૨૬ વર્ષથી હંફાવતા આરોપીને ન્ઝમ્એ ગોધરામાંથી દબોચી લીધો, આરોપીના મોતિયા મરી ગયા

ગાંધીનગર પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવે રેન્જના પોલીસતંત્રને રાજ્ય અને આંતરરાજ્યના નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા ડ્રાઈવ યોજાવાની સૂચના આપવામાં આવતા અરવલ્લી એલસીબી પોલીસે રાજસ્થાન રાજ્યના ધંબોલા પોલીસ સ્ટેશનમાં ૨૬ વર્ષ અગાઉ ગુન્હાના ગોધરાના આરોપીને ઘરેથી ઝડપી પાડી રાજસ્થાન પોલીસને સુપ્રત કરવા તજવીજ હાથધરી હતી

અરવલ્લી ઈન્ચાર્જ એસપી વિજય પટેલના માર્ગદર્શન હેઠળ જીલ્લા એલસીબી પીઆઇ કે.ડી.ગોહિલ અને તેમની ટીમે નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા બાતમીદારો સક્રિય કરતા રાજસ્થાન રાજ્યના ધંબોલા પોલીસ સ્ટેશનમાં ૨૬ વર્ષ પહેલા આબકારી અધિનિયમન હેઠળ નોંધાયેલ ગુન્હાનો આરોપી અનિલ હસમુખ જયસ્વાલ (રહે,તુલસી સોસાયટી, ગોધરા-પંચમહાલ) ઘરે હોવાની બાતમી મળતા એલસીબી પોલીસ તાબડતોડ ગોધરા આરોપીના ઘરે પહોંચી ઉંઘતો ઝડપી લેતા છેલ્લા ૨૬ વર્ષથી રાજસ્થાન અને સ્થાનિક પોલીસને હંફાવતો આરોપી અનિલ જયસ્વાલના મોતિયા મરી ગયા હતા એલસીબી પોલીસે અટકાયત કરી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

# સાળંગપુરની ૨૦ વિઘા જમીન પર ૧૦૦૦ રૂમવાળુ હાઇટેક ગેસ્ટહાઉસ બનશે

બરવાળા : સાળંગપુરમાં વડતાલ ધામ દ્વિશતાબ્દી એવં શતામૃત મહોત્સવના ઉપલક્ષ્યમાં ૨૦ વિઘા જમીન પર પતંગીયા આકારનું ૧૦૦૦ રૂમવાળુ યાત્રાળુ માટે ગેસ્ટહાઉસ બનવા જઇ રહ્યું છે જેની ફાયર સેફ્ટી, પાર્કિંગ, ટ્રાફિક નિયમન અંગે પણ કાળજી લઇ કુલ ચાર ઝોનમાં આકાર લેશે તેવું આયોજન કરાયું છે.



વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુર ધામના ઉપલક્ષમાં સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર ધામમાં પહેલા હાઈટેક ભોજનાલય એ પછી કિંગ ઓફ સાળંગપુરની ૫૪ ફૂટ ઉંચી મૂર્તિના નજરાણા બાદ હવે હનુમાનજી મંદિર પરિસરની બાજુમાં ૧૦૦૦થી વધુ રૂમવાળું ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન બનાવવામાં આવી રહ્યું છે. ૨૦ વિઘામાં પથરાયેલા પતંગિયા જેવી ડિઝાઇનવાળા આ ગેસ્ટ હાઉસમાં એકસાથે ૪ હજારથી વધુ લોકો આરામથી રહી શકશે ત્યારે આ રાજમહેલ જેવી ડિઝાઇનવાળું યાત્રીક ભવન અંગે શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીએ રસપ્રદ વિગત આપતા જણાવ્યું કે કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાના મંદિરને ૧૭૫ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે ત્યારે એક જ બિલ્ડીગમાં એક હજારથી વધુ રૂમ જે તમામ રૂમમાંથી મંદિર, ભોજનાલય અને તળાવના સરસ વ્યૂ જોવા મળે તેવી વ્યવસ્થા સાથે આખું બિલ્ડીંગ તૈયાર થયા બાદ રાજમહેલ જેવું દેખાશે. આખું બિલ્ડીંગ ૪ ઝોનમાં બનાવાશે, જે ૧૦૦ ટકા ભૂકંપ પ્રુફ હશે એટલું જ નહીં, બિલ્ડીંગમાં ગમે ત્યારે આગ લાગે તો એની અંદર રહેલી વ્યક્તિને કોઇ નુકશાન થશે નહીં. આ ઉપરાંત બિલ્ડીંગની ઈન્સાઇડમાં ૫૦૦ અને આઉટસાઇડ ૬૦૦ એમ કુલ ૧૧૦૦ ગાડી પાર્ક થઇ શકે એવું પાર્કિંગ બનાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## શ્રી મોડાસા એકડા વિશા ખડાયતા મિત્ર મંડળ મોડાસા દ્વારા શરદોત્સવ ૨૦૨૩ યોજાયો

શ્રી મોડાસા એકડા વિશા ખડાયતા મિત્ર મંડળ મોડાસા દ્વારા શરદોત્સવ ૨૦૨૩ શ્રી મુકુન્દ એસ શાહ ના પ્રમુખ સ્થાને ખડાયતા છાત્રાલય ના પટાંગણ માં યોજાયો હતો. જેમાં વિશા ખડાયતા જ્ઞાતિના કોવાડિયા, મોદી, સમુદાય ના ભાઈઓ, બહેનો અને બાળકો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં બાળકો માટે ભાઈઓ અને બહેનો માટે બેસ્ટ ડ્રેસ અને બેસ્ટ એક્ટિંગ તથા ૪૦ વર્ષથી નીચેની બહેનો અને ભાઈઓ માટે અને ૪૦ વર્ષથી ઉપરની બહેનોને ભાઈઓ માટે બેસ્ટ ડ્રેસ, એક્ટિંગ તથા બેસ્ટ કપલ ના ઇનામો રાખવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ માટે નિખિલ એસ શાહ, કામેશ બી શાહ, રાજુભાઈ એ શાહ, ડૉ આર. સી. મહેતા તથા સૌ વડીલો અને જ્ઞાતિજનો તરફથી આર્થિક સહકાર ઉધાર હાથે આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં મિત્ર મંડળના હોદ્દેદારશ્રીઓ અને જ્ઞાતિજનો તરફથી ખુબ સુંદર પ્રતિસાદ મળ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ભોજન ત્યારબાદ ગરબા અને પછી નાસ્તો તથા દૂધપૌઆ નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શ્રી સુભાષભાઈ એમ શાહ, શ્રી બીપીનભાઈ આર શાહ અને શ્રી કે એમ શાહ દ્વારા જ્ઞાતિજનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG.SS.NO:- 0088**
વિષય:- શરદ પૂનમ
પ્રકાર:- પદ્ય
શબ્દ:- ૧૨૬
શીર્ષક:- ગ્રહણ શીદને નાથ?
લેખિકા નામ:- ડૉ. મનીષા વ્યાસ

હે કહાન તારા રે વિયોગે આજ હૈયું મુંઝાય
ઊગ્યો છે આભલે.. શરદ પૂનમનો ચાંદ
રાસે રમતાંતાં કેવાં.. રમઝટ આખી રાત..
વાટડી જોતાં આજ નીંદર વેરણ થાય..
રોઈ રોઈ નાથ કેવી આંખ્યું થાય રાતડી..
અજવાળી રાત મારે થઈ અંધારી કોટડી..
કેમ રે ઉગી છે આજ.. આભે રૂડી ચાંદની?
હે કહાન તારા રે વિયોગે આજ હૈયું મુંઝાય
ઊગ્યો છે આભલે.. શરદ પૂનમનો ચાંદ..
કેમ રે ગ્રહે નહિ એને રાહુ કેરો કાળ
સાંભળી પ્રિયાજીનો હાયકારો આજ..
ઝબકીને જાગ્યો એવો રાધાજીનો નાથ..
લજવાયો ઝંખવાયો મારો દીનદયાળ..
ચાંદ સંતાડ્યો કેવો ધરણી ઓથે આજ..
ગ્રહણ તો એમ થાય શરદ પૂનમ કેરી રાત..
વિયોગી આતમ ઝૂરે નિત મિલનને કાજ..
મળે ના નાથ ત્યારે મારે ગ્રહણ બારેમાસ..

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: *NOG SS No. : 0141***
★વિષય : "શરદ પૂનમ"★
★શીર્ષક : "શરદોત્સવ"★
★શબ્દો : ૩૫૦★
★લેખકનું નામ : રસિકભાઈ વી પરમાર "રવ"★

વર્ષની બાર પૂર્ણિમામાં "શરદ પૂર્ણિમા"નું મહત્વ અનેરું છે. આ દિવસે ચંદ્ર પુર્ણકળાએ ખીલેલો હોય છે, તેમજ ચંદ્રની ચાંદની ખુબ ખુબજ શીતળ, મધુર હોય છે. વિક્રમ સંવતનાં આસો સુદ પૂનમને "શરદપૂર્ણિમા" અને "શરદપૂનમ" તરીકે ઓળખવામાં આવે છે. વર્ષની આ છેલ્લી પૂનમ છે તે "કોજાગરી પૂનમ" તરીકે પણ પ્રખ્યાત છે.

પુર્ણકળાનો ચંદ્ર કોઈ જુદીજ દુનિયામાં લઈ જાય છે. એ એવી ક્ષણોને ઉજાગર કરે છેકે જ્યાં, પ્રિયપાત્ર યાદ આવે! હૃદયમાંથી ભાવનાઓની એવી છોળો ઉડેકે' જાણે પ્રિય, જોડે હોય. સંજોગોવશાત્ દૂર હોય તો, એની યાદ, વિરહ-વિયોગ પણ મીઠો લાગે. આમ તો ચાંદનીનો ગુણ શીતળતા; પણ વિરહી લોકો માટે એ ધગધગતી આગ બને છે.

શરદપૂનમ એટલે : શ્રેષ્ઠ પૂનમ, સોળે કળાએ ખીલી ઉઠેલ - ચંદ્ર અને યૌવન, અમૃત વરસાવતી ચાંદની, મધુર શીતળતા, તાજગીભર વાતાવરણ. ધવલ પ્રકાશમાં હૃદય કાબૂમાં રહેતું નથી. પાગલ બની જાય. મન મહેંકી ઉઠે, શરીર નર્તન કરવા માગે. પૂનમે હૃદયસમુદ્ર અને સાચુકલો દરિયો પણ વલોવાઈ જાય છે. બંનેમાં ભરતી આવે છે. એ દિવ્ય આનંદને વ્યક્ત કરવા માટેનો શ્રેષ્ઠ અવસર "શરદોત્સવ". એમાં રાસલીલા, ગરબા માટેના આયોજનો આપોઆપ રચાઈ જાય.

પૂનમ પહેલાં નવરાત્રીનો તહેવાર, લોકોએ ઉજવ્યો હોય છે. ગરબામાંથી જે લોકો નિરાશ થયા હોય, હજી પૂર્ણ સંતોષ પામ્યા ન હોય, તેમને માટે "શરદપૂનમ" એક વિશેષ ભેટ બની રહે છે.

કૃષ્ણ ભગવાનની અલૌકિક રાસલીલાનો પ્રસંગ તે "શરદ પૂનમ". સૌ ગોપીઓની રાવ હતી કે' કૃષ્ણ, ફક્ત રાધાજી સાથેજ રાસ રમે છે, અને બાકીના સૌને ગણકારતા નથી. આ દિવસે કૃષ્ણ-રસેશ્વર! તમામ ગોપીઓને આનંદ આપવા, કોઈ ફરિયાદ રહે નહિ ને પૂર્ણ સંતોષ માટે અનેકરૂપ ધરી, દરેક ગોપી સાથે રાસ રમ્યા હતા. દરેક ગોપીને એમ લાગ્યું હતું કે કાનુડો ફક્ત તેની ને તેનીજ સાથે રાસ રમે છે. રાસમાં એવા તન્મય થઈ જવાય છેકે' સ્થળ, કાળનું કોઈ ભાન રહેતું નથી, મનમાં જે ઉર્મિઓ હોય, તે સાકાર થતી લાગે છે.

દરેક વ્યક્તિને કોઈને કોઈ ખાસ 'પ્રિય' હોય છે. આપણે બધા એમાં આવી ગયા. આપણે 'તે' પ્રિયને પામવા માટે તમામ કરી છૂટવા તૈયાર હોઈએ છીએ. આપણે ફક્ત 'તેના' એકલાજ હોતા નથી તેમ 'તે' પણ આપણા એકલાનું હોતું નથી. તમે કોઈ એકના, ભલે રહો પણ સાથે સાથે બીજાની લાગણી, પ્રેમ, હૂંફ, ઈચ્છા વગેરેનો ખ્યાલ રાખીને એની પૂર્તિ પણ કરો તેજ "શરદ પૂનમ"નો શ્રેષ્ઠ સંદેશ છે.....!!!!!

# સર્કિટ હાઉસ ખાતે ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કારના કાર્યક્રમની માહિતી આપવા અંગે પત્રકાર વાર્તા યોજાએલ હતી

જાણીતા લેખક, ઈતિહાસવિદ અને સેવ કલ્ચર સેવ ઈન્ડિયા ફાઉન્ડેશનના સંસ્થાપક ઉદય માહુરકરે પત્રકાર વાર્તાને સંબોધતા જણાવેલ કે, રાષ્ટ્રીય ચેતનાના જાગરણમાં ગુજરાત હંમેશા અગ્રેસર ભુમિકામાં રહ્યું છે. જયારે સાંસ્કૃતિક મૂલ્યો સમાજનું મૂળ છે અને જો તેના મૂળ પર હુમલો કરવામાં આવે તો સમાજ ટકી શકશે નહીં.

ભારતની ભાવિ પેઢીઓને બગાડતા અને બળાત્કાર જેવી ઘટના માટે જવાબદાર મુખ્ય કારણ ઓડીયો વિઝુઅલ પ્લેટફોર્મ પર આવતી વિકૃત સામગ્રી છે.

સેવ કલ્ચર સેવ ઈન્ડિયા ફાઉન્ડેશન તેની સામે આંદોલન કરીને આ બદી સામે ભારતને એક કરવા માટે કટિબદ્ધ છે. જેથી ભવિષ્યના ભારતના નિર્માણમાં આવતા અવરોધો દુર થાય.

તેમને વધુમાં જણાવેલ કે, દુનિયા માટે ગુજરાત હંમેશા પથદર્શકની ભૂમિકામાં રહું છે અને હવે ગુજરાત રાજ્ય ફરીથી સાંસ્કૃતિક મૂલ્યોની રક્ષા માટે ગુજરાતના સંસ્કૃતિ પ્રેમી મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં એક આગવી પહેલ કરવા જઈ રહ્યું છે

વર્તમાનમાં સત્ય સનાતન ભારતીય સંસ્કૃતિના સાત્વિક મુલ્યોને મિટાવી દેવાની મેલી મુરાદ સાથે અસુરી તાકાત મથી રહી છે, ત્યારે ગુજરાત રાજ્યના શીલ – સંસ્કૃતિ અને સદાચાર પ્રેમી, માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સાંસ્કૃતિક મૂલ્યોના સંરક્ષણ અને સંવર્ધન માટે સમર્પિત પ્રતિભાઓને સેવ કલ્ચર સેવ ઈન્ડિયા ફાઉન્ડેશનની પ્રેરણાથી ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કારથી પુરસ્કૃત કરવાનો નિર્ણય લીધો છે. જેઓંએ મૂલ્યોને જાળવી રાખવા માટે પોતાને સમર્પિત કર્યા છે તેવા સાંસ્કૃતિક યોદ્ધાઓને ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર, ૧ લાખ રૂપિયાની રાશી અને સ્મૃતિ ચિહ્નથી સન્માનિત કરવામાં આવશે.

ઉદય માહુરકરે માન. મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણયની અનુમોદના કરતા જણાવેલ કે,

સમાજમાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરવાના કાર્યને આ પ્રયાસથી મોટું બળ મળશે અને સાંસ્કૃતિક યોદ્ધાઓને તેમના અમૂલ્ય કાર્યને આગળ ધપાવવા – નવી પ્રતિભાઓને આ ક્ષેત્રે કાર્યરત થવા માટે પણ પ્રેરિત કરશે.

તારીખ ૨૯ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ આવી આઠ પ્રતિભાઓ જે આ મુદ્દે સમર્પિત છે એમને ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, સાંસ્કૃતિક મંત્રી શ્રી મુળુભાઈ બેરા, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, સેવ કલ્ચર સેવ ઈન્ડિયા ફાઉન્ડેશનના સંસ્થાપક ઉદય માહુરકર અને ગણમાન્ય હસ્તીઓના વરદ હસ્તે ટાગોર હોલ, પાલડી અમદાવાદ ખાતે ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર અર્પણ કરવામાં આવશે.

વધુમાં જણાવતાં, શ્રી માહુરકરે કહ્યું કે,ૃ, જીર્ષ્ઠૈક્ટ્ઠ સીદ્વૈક્ટ્ઠ અને અન્ય પ્લેટફોર્મ દ્વારા થતા સંસ્કૃતિ પરના પ્રહારો વિદેશી આક્રાન્તાઓ કરતા પણ વધારે ભયંકર નુકસાનકારક છે માટે એવા લોકો જે આ સામગ્રી પીરસી રહ્યા છે તેને એક રાષ્ટ્રવાદી આંદોલન દ્વારા એક મહાન રાષ્ટ્ર બનવા માટે ભારતે તેમને પરાસ્ત કરવા પડશે.

જે આગવી પહેલ માન.મુખ્યમંત્રી શ્રી એ કરેલ છે, તે ભારતમાં રાષ્ટ્રવાદી જન આંદોલન ઉભું કરવાની ફાઉન્ડેશનની નેમને મોટું બળ આપશે.

ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર જે આઠ વ્યક્તિને અર્પણ કરવામાં આવશે તેમની માહિતી આ પ્રમાણે છે.

પૂજ્ય પરમાત્માનંદ સરસ્વતીજી મહારાજ

અગ્રણી મહાન આધ્યાત્મિક સંત છે, તેઓં શ્રી હિંદુ ધર્મ આચાર્ય સભાનાં સંયોજક તથા આંતરરાષ્ટ્રીય મહામંત્રી છે. આર્ષ વિદ્યા મંદિર રાજકોટના સંસ્થાપક છે. શિવાનંદ આશ્રમ –અમદાવાદના પ્રમુખ છે. જેઓં વિકૃત સામગ્રીના ફેલાવા સામે લડી રહ્યા છે. સમાજને જાગૃત કરવાનું કામ તેઓં તેમના પ્રવચનોના માધ્યમે કરી રહ્યા છે. સંતો – મહંતો – રાજકીય આગેવાનોને જાગૃત કરવામાં આગવી ભૂમિકા તેઓંશ્રીની રહી છે.

પૂજ્ય રત્નસુંદર સૂરિજી મ.સા.

એ એક પ્રખ્યાત આધ્યાત્મિક ગુરુ છે. જેઓ વિકૃત સામગ્રીથી યુવાનોના રક્ષણ માટે અવાજ ઉઠાવી રહ્યા છે. તેમણે વેબસીરીઝની હાનિકારક અસરો અને અન્ય પ્રકારની અશ્લીલતા સામે સિંહગર્જના કરી છે અને તેણે યુવાનોને નૈતિક મૂલ્યોના મહત્વ વિશે શિક્ષિત કરવાનું કામ કર્યું છે.

હેનિલ વિસારિયા

એક યુવા કાર્યકર છે જે સ્વચ્છ સાયબર ભારત બનાવવા માટે સમર્પિત છે. તેમને દેશની સર્વોચ્ચ પંચાયતમાં આ સંવેદનશીલ વિષય ઉઠાવવા અનેક આગેવાનોને મળીને રજુઆત કરી હતી.

નરેન્દ્રભાઈ કામદાર

એ આજીવન કેળવણીકાર છે. બાળકોને અને યુવાનોને નૈતિક મૂલ્યો શીખવવા માટે અને ગંદી સોબતોથી દુર રહેવા જાગૃતિ લાવવા માટે તેમણે ભેખ લીધો છે.

મિતલ ખેતાણી

એક સામાજિક કાર્યકર છે જેમણે મીડિયામાં અશ્લીલતા અને અભદ્રતા સામે અવાજ ઉઠાવ્યો છે. હિંસા અને શોષણને પ્રોત્સાહન આપતી ફિલ્મો અને ટેલિવિઝન શોનો બહિષ્કાર કરવા અને પ્રેરણાત્મક કથાઓના પ્રચાર પ્રસાર માટે તેમણે ઝુંબેશનું આયોજન કર્યું છે.

સુદીપ વાલાણી,

જેમણે પાયાના સ્તરે નૈતિક મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે કામ કર્યું છે. તેમણે સેકડો ભુલકાઓને માતા – પિતા ઘરનાં જીવતા જાગતા ભગવાન અને ભગવતી છે તે વિશે શિક્ષિત કરવા માટે અને ગંદી સોબતોથી દુર રહેવા સંકલ્પબધ કરવા માટે અનેક કાર્યક્રમોનું આયોજન કર્યું છે.

ચૈતન્ય સંઘાણી

એક વિચારશીલ તત્વચિંતક અને લેખક છે. જે પોતાની ફરજ ઉપરાંત પરંપરાગત ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને પુનર્જીવિત કરવા માટે અને વર્તમાન અસંયમી ઈન્ટરનેટ યુગ સામે તેમના મિશન ભારતીય સંસ્કૃતિ તરફ પાછા વળો માટે કામ કરી રહ્યા છે. વિકૃતિ અને અસંયમી જીવન તરફ વળેલા યુવાનોને સંયમી સંસ્કૃતિ તરફ વાળવા કાર્ય કરી રહ્યા છે.

ડૉ. અંકિતા મુલાણી

એક ધારદાર લેખક, પ્રેરકવક્તા અને પ્રખર સામાજિક કાર્યકર છે. તેમણે હજારો પ્રેરક પ્રસંગો કહીને સમાજ ઘડતરનું અતુલનીય કાર્ય કર્યું છે સાથે યુવાધનને ગેરમાર્ગે દોરતા અભદ્ર કાર્યક્રમોમાં ફસાતા બચાવવા તેઓ કાર્યરત છે. તેઓ રેપ પ્રિવેન્શન કાઉન્સિલ સુરતના મેમ્બર છે.

વિકાસ સાચો ત્યારે જ થાય જ્યારે તેમાં સંસ્કૃતિની સુવાસ હોય.. સમાજ મજબૂત ત્યારે જ બને જ્યારે તેમાં નૈતિક મૂલ્યોની મહેંક હોય. આધુનિક સમયમાં સંસ્કૃતિને જાળવતા આવા જ વ્યક્તિવિશેષોને સન્માને છે - સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર.

# વિશ્વમાં શાંતિ સ્થાપિત કરતા પહેલાં અંતર્મનમાં શાંતિ લાવવી પડશે




હરીયાણાના સમાલખા સ્થિત સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ ખાતે આયોજીત ૭૬મા વાર્ષિક નિરંકારી સંત સમાગમ કે જે તા.૨૮ થી ૩૦ ઓકટોમ્બર-૨૦૨૩ સુધી આયોજીત કરવામાં આવેલ છે તેના શુભારંભના પાવન પ્રસંગે માનવતાના નામે આપેલ દિવ્ય સંદેશમાં પોતાના વિચારો વ્યક્ત કરતાં નિરંકારી સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજે કહ્યું હતું કે દરેક માનવ ઈચ્છે છે કે વિશ્વમાં શાંતિ સ્થાપિત થાય,દરેક માનવ શાંતિથી જીંદગી જીવી શકે.વાસ્તવિકરૂપમાં આ ત્યારે સંભવ બને છે કે જયારે અમે અમારા અંતર્મનમાં પહેલાં શાંતિ સ્થાપિત કરીશું.

"સુકુન અંર્તમનકા" વિષય પર આધારિત શિર્ષક ઉપર આ ત્રણ દિવસીય વાર્ષિક નિરંકારી સંત સમાગમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં દેશના દરેક ભાગોમાંથી તથા દૂર દેશોમાંથી લાખોની સંખ્યામાં ભક્તજનો હાજર રહી આ પાવન અવસરનો ભરપૂર આનંદ પ્રાપ્ત કરી રહ્યા છે.

સદગુરૂ માતાજીને સુકૂન(શાંતિ) વિશે વર્ણન કરતાં કહ્યું હતું કે જો અમે પોતે જ અશાંત છીએ, અમારા અંતર્મનમાં ઉથલ-પાથલ છે તો અમે ગમે ત્યાં જઈશું તો પણ અમોને શાંતિ પ્રાપ્ત થવાની નથી. જો અમારે સાચા અર્થમાં શાંતિ મેળવવી હશે તો અમારે પહેલાં માનવીય ગુણોને અપનાવવા પડશે ત્યારબાદ જ અમે સમગ્ર સંસારના માટે વરદાનરૂપ બની શકીશું.અમારા મનમાં જો પોતાના માટે માનવતાનો ભાવ નહી હોય તો અમારા જીવનમાં સુખ-શાંતિ આવી શકશે નહી.

અંતમાં સદગુરૂ માતાજીએ કહ્યું હતું કે જીવનમાં સાચી શાંતિ એક પ્રભુ-પરમાત્માને જાણીને તેમની સાથે જોડાવાથી જ મળે છે.જ્યારે અમે એક નિરાકાર પ્રભુ પરમાત્માની સાથે જોડાઈએ છીએ ત્યારે દરેક સમયે અને દરેક સ્થાન ઉપર અમોને આ એક પ્રભુ પરમાત્માનાં જ દર્શન થાય છે અને પ્રેમભાવથી યુક્ત બનતાં મનમાં શાંતિને ધારણ કરીને પોતાના પરીવાર,પ્રિયજનો સાથે શાંતિથી રહેતાં સમગ્ર દેશ અને વિશ્વમાં શાંતિ ફેલાવી શકીશું.

કાર્યક્રમની શરૂઆતમાં દિવ્ય યુગલ સદગુરૂ માતાજી તથા નિરંકારી રાજપિતાજીનું સમાગમ સ્થળ ઉપર આગમન થતાં જ સંત નિરંકારી મંડળના પ્રધાન પૂજ્ય સી.એલ.ગુલાટીજી તથા સંત નિરંકારી મંડળના કાર્યકારિણી સમિતિના વિભિન્ન સદસ્યો દ્વારા ફુલોના ગુલદસ્તા તથા ફુલમાળા દ્વારા દિવ્ય યુગલનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દિવ્ય યુગલને એક ફુલોથી શણગારેલી પાલખીમાં વિરાજમાન કરીને સમાગમના મુખ્ય પ્રવેશદ્વારથી સત્સંગના મુખ્ય મંચ સુધી લાવવામાં આવ્યા હતા.

દિવ્ય યુગલને પોતાની સમક્ષ ઉપસ્થિત જોઈને સમાગમ સ્થળ ઉપર શ્રદ્ધાળુ ભક્તો ભાવવિભોર બન્યા હતા.આનંદના સાગરમાં તમામ શ્રદ્ધાળુ ભક્તો ભીની આંખોએ હાથ જોડીને ધન નિરંકારનો જયઘોષ સાથે તેમનું અભિવાદન કરી રહ્યા હતા.ભક્તોના અભિવાદનનો સ્વીકાર કરીને દિવ્ય યુગલે પોતાની મધુર મુસ્કાનથી તમામ ભક્તોને પાવન આર્શિવાદ આપ્યા હતા.

## મદરેસામાં વેદ અને સંસ્કૃત ભણાવવામાં આવશે, નિવેદન પર શરૂ થયો હંગામો

દહેરાદુન,તા.૨૯

ઉત્તરાખંડ મદરેસા બોર્ડના પ્રમુખ મુફ્તી શમૂન કાસમીએ દરગાહ સાબીરની મુલાકાત લીધી અને દેશની પ્રગતિ અને શાંતિ માટે પ્રાર્થના કરી. તેમણે કહ્યું કે મદરેસાઓમાં વેદ અને સંસ્કૃત પણ ભણાવવામાં આવશે. સાથે જ જમિયત ઉલેમા હિંદે આ નિવેદનનો વિરોધ કર્યો છે. પ્રમુખ શમૂન કાસમી લેન્ડૌરા સ્થિત અરેબિક મદરેસામાં એક કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા.આ પછી મોડી રાત્રે તેઓ કાલીયાર દરગાહ સાબીર પાકમાં શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. કાસમીએ કહ્યું કે સાબીર પાક દરગાહ માત્ર મુસ્લિમ સમુદાય માટે જ નહીં પરંતુ દરેક ધર્મના લોકો માટે આસ્થાનું પ્રતિક છે.મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી લઘુમતી સમુદાય માટે જમીન પર યોજનાઓ બનાવીને વિકાસનો માર્ગ ખોલી રહ્યા છે.તેઓ ઉત્તરાખંડમાં ગાય, ગંગા અને હિમાલયની રક્ષા માટે મુસ્લિમ સમુદાય સાથે અભિયાન શરૂ કરશે અને યોગાસન કરાવશે.

## કૂંચી જીવન કેરી....

મળે જો કુંચી જીવન કેરી,ખોલીને તાળું બતાવો,
જિંદગીની ખરી મજા કોઈ જીવીને તો બતાવો.

હાલક ડોલક નૈયા જ્યારે ચાલે ન એક ધારે,
સહેલું લાગે મોત ત્યારે જીવનની મજધારે,
પૂછે ન સમંદર તો કર ન નાહકનો પસ્તાવો;
જિંદગીની ખરી મજા,કોઈ જીવીને તો બતાવો.

સપનાં રહ્યાં અધૂરાં, એમાં ઘા કરે ઉઝરડાં,
મરહમ જૂનો દઝાડે, કેમ કરું હાથ આડા,
ઝંખે હૈયું સાંત્વના,યાદોને કહો "હવે ન સતાવો,"
જિંદગીની ખરી મજા, કોઈ જીવીને તો બતાવો.

માપવા મથતો ગજું આભનું અવની રહેવાસી,
આંબી શકે ન માનવતા, જે □દયમાં કહેવાતી,
માંડુ ચોપડે સરવૈયું ત્યાં લાગણી માંડે છે દાવો;
જિંદગીની ખરી મજા કોઈ જીવીને તો બતાવો.
- શ્રવનિતા મણુંદ્રા 'વાણી' (બનાસકાંઠા)

## એક મુલાકાત

એક મુલાકાત થઈ તારી સંગાથે,
વાતથી વાતોની થઈ શરૂઆત.

થોડીક ઉદાસ રહેતી જિંદગી મારી,
મેઘઋતુના વાદળો છવાયા હો જાણે.

તારા આગમનની મહેકથી હૃદયમાં મારા,
પાનખર પછી વસંતની પધરામણી ખીલી.

ખુશી કે ગમ સાથે રહેશું હરકદમ હમદમ,
આપી વચન બાંધ્યું મીઠું-મધુરું સ્નેહબંધન.

આજીવન માણીશું આ અતૂટ સગપણ,
તારા વગરની એક ક્ષણ નથી થતી કલ્પના પણ.

એક અભિલાસા છે 'ખ્યાત' ની,
અંતિમ શ્વાસ સુધી રહેવું છે સંગાથે.

ખ્યાતિ પંડયા દવે.. 'ખ્યાત'ભુજ - કચ્છ.

## હવે

મેઘની જઇ પીઠ પસવારો હવે,
સૂર્ય સૂતેલાને ઉઠાડો હવે

રાત ભર ઘૂમે ગગનમાં એકલો
ચાંદને સાગરમાં ઝબોળો હવે

મેઘનાં વ્હાલે ધરા આકંઠ છે
રંગ સંધ્યાનાં લૈ ચિતરાવો હવે

આ પવન પાજી તો બહુ સટપટ કરે
વેલની લટમાં જ લટકાવો હવે

પાળ સરવરની ટહેલે હંસલા
માછ જળમાંથી નાં ઉછાળો હવે

હસ્મિતા વોરા.'મીતા'- અમદાવાદ

## સાંભળે છે તુ

કહું છું હું , સાંભળે છે તુ
વિચારુ છું હું, સ્થિર રાખે છે તુ

બોલુ છું હું , શબ્દ આપે છે તુ
નિરખુ છું હું, તેજ આપે છે તુ

જમુ છું હું, પચાવે છે તુ
પોઢુ છું હું, નિંદ્રા આપે છે તુ

ચાલુ છું હું, પથ બતાવે છે તુ

કર્મ કરૂ છું હું, ફળ આપે છે તુ
શ્વાસ લવ છું હું ,□દય ચલાવે છે તુ.

તારો અંશ છું હું, મારો કર્તા હર્તા છે તુ.
સુનિતા એ. પાલડિયા સુરત

# અમેરિકામાં ૧૮ લોકોને ઠાર કરનારાની લાશ મળી, આત્મહત્યાની કરી હોવાની શંકા

વોશિંગ્ટન,તા.૨૯

અમેરિકામાં મેઈનના લેવિસ્ટનમાં અંધાધૂંધ ગોળીબાર કરીને ૧૮ લોકોની હત્યા કરનાર આરોપી પોતે મૃત હાલતમાં મળી આવ્યો છે. શંકાસ્પદની ઓળખ રોબર્ટ કાર્ડ તરીકે થઈ હતી. પોલીસ છેલ્લા ૪૮ કલાકથી આરોપીને શોધી રહી હતી. પોલીસને આશંકા છે કે આ ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપીએ પોતાને ગોળી મારી દીધી હતી. જો કે હાલ પોલીસ આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે રોબર્ટનું મૃત્યુ બંદૂકની ગોળીથી થયું હોવાનું જણાય છે. અમેરિકાના મેઈનના લેવિસ્ટનમાં ગુરુવારે થયેલી ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૮ લોકોના મોત થયા હતા. જ્યારે ૧૩ લોકો ઘાયલ થયા છે. અહેવાલો અનુસાર, કાર્ડનો મૃતદેહ શુક્રવારે લિસ્બન શહેર નજીકના જંગલમાંથી મળી આવ્યો હતો.

આ ઉપરાંત તે માનસિક રીતે બીમાર હતો. આવી સ્થિતિમાં, તેમને માનસિક સ્વાસ્થ્ય સુવિધામાં દાખલ કરવામાં આવ્યા હતા અને તાજેતરમાં જ ત્યાંથી રજા આપવામાં આવી હતી. જે બાદ તેણે આ ઘટનાને અંજામ આપ્યો હતો.કાર્ડની કાર હત્યા સ્થળથી લગભગ આઠ માઈલ દૂર લેવિસ્ટનમાં મળી આવી હતી. આવી સ્થિતિમાં અધિકારીઓએ સ્થાનિક રહેવાસીઓને ચેતવણી આપી હતી. આ ઉપરાંત પોલીસના સેકંડો કર્મચારીઓ તેને શોધી રહ્યા હતા. છઈ-૧૫ એસોલ્ટ રાઈફલથી સજ્જ રોબર્ટ કાર્ડની કેટલીક તસવીરો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી.

"મને એ જાણીને રાહત થઈ છે કે રોબર્ટ કાર્ડ હવે કોઈના માટે ખતરો નથી," મેઈનના ગવર્નર જેનેટ મિલ્સે શુક્રવારે મોડી રાત્રે એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. પબ્લિક સેફ્ટી કમિશનર માઈકલ સોશુકે પુષ્ટિ કરી હતી કે કાર્ડનો મૃતદેહ શુક્રવારે લગભગ ૭:૪૫ વાગ્યે ઈટી પર મળી આવ્યો હતો. નોંધનીય છે કે લેવિસ્ટનમાં અંધાધૂંધ ગોળીબારના આરોપીની ઓળખ રોબર્ટ કાર્ડ તરીકે થઈ હતી, જે યુએસ આર્મીમાંથી નિવૃત્ત હતો.

# " સખી" વન સ્ટોપ સેન્ટર દ્વારા ૬ દિવસથી ગુમ થયેલ મહિલાનું પરિવાર સાથે પુન : મિલન



ભારત સરકાર પુરસ્કૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ પાટણ સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર મેડિકલ હોસ્પીટલ પાટણ ખાતે મહિલા અને બાળ અધિકારીશ્રી તેમજ દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ પાટણ જિલ્લા સખી વન સ્ટોપ સેન્ટર ૧/૦૮/ ૨૦૧૮ થી સેન્ટર ૨૪ કાર્યરત છે જેમાં હિસાં થી પીડિત મહિલાઓને એક જ સત્ર હેઠળ મનોવૈજ્ઞાનિક કાઉન્સિલિંગ, કાયદાકીય, તબીબી સહાય, પોલીસ સહાય ,હંગામી ધોરણે પાંચ દિવસનો આશ્રય મહિલાને સરળતાથી મળી રહે છેજેમાં તારીખ ૨૮/૧૦/૨૩ ના રોજ ૧૮૧ મહિલા હેલ્પલાઇન દ્વારા બેનને સેન્ટર ખાતે મદદ માટે મૂકવામાં આવેલ બેન સાથે કાઉન્સિલિંગ કરતા બેન ખૂબ ગભરાયેલા અને પરિવારથી વિખુટા પડેલા હોય તેમ જ માનસિક સ્વસ્થ હતા બેન પરિવારનું નામ રહેઠાણ અલગ અલગ બતાવતા હતા તેઓ મારવાડી ભાષા બોલતા હતા અમદાવાદ જવાનું જણાવતા હતા તેથી ધારપુર સિવિલ ખાતે ફરજ બજાવતા યોગેશભાઈ બ્રધર્સ જેવો મારવાડી ભાષા જાણતા હોય તેઓને બોલાવી બેન સાથે સેન્ટર નાં કેન્દ્ર સચાલક પટેલ ચેતનાબેન સાથે રહી કાઉન્સિલિંગ કરેલ યોગેશભાઈ એ તેમના રાજસ્થાન આગેવાનો નો સંપર્ક કરેલ તેના આગેવાન દ્વારા જાણવા મળેલ કે તેઓ મૂત્રાશીલી ગામના હોય તેવું જણાવેલ આમ ગામ નાં સરપંચ શ્રી નો સંપર્ક કરેલ પરિવાર છેલ્લા પાંચ થી સાત દિવસથી શોધખોળ કરી રહેલ છે તેમના ભાઈ સાથે વાતચીત કરતા તેઓ ખૂબ ચિતા માં અને બહેન ની શોધ ખોળ કરી રહ્યા હતા સેન્ટર ખાતેથી ફોન જતાં તેઓને રાહત અનુભવેલ અને તેઓ પોતાના આધાર પુરાવા સાથે બેન ને લેવા માટે જજ માં આવી પહોંચેલ અને સેન્ટર ખાતે પોતાની બેન ને સુરક્ષિત જોઈ ખુશ થયા હતાં તેમાંના ભાઈઓ નાં કહ્યા પ્રમાણે તેઓ તમામ સગા સબંધી નાં ત્યાં શોધ ખોળ કરી રહ્યા હતા બેન ને સેન્ટર ખાતે આશ્રય આપી અમારી બેન ને અમારી સાથે પુનઃમિલન કરાવવાં બદલ કર્મચારી ઓ નો આભાર વ્યકત કર્યો હતો તેમજ વધું સારું કામગીરી કરીને બેનો તેમજ યુવતીઓ ને ઉતમ સેવા આપતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી

રિપોર્ટર નિખિલ જોષી પાટણ બ્યુરોચીફ



તા.૨૮-૧૦-૨૦૨૩ શરદ પૂર્ણિમા નિમિત્તે બિહાર મસ્તીચકમાં ટેન્ટ ગાયત્રી શક્તિપીઠ ખાતે ગુજરાતના ગરબાનો કાર્યક્રમ ૨૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ અંતર્ગત યોજાયો હતો.

# આ કોઇ ઠંડા પીણાંની બોટલ નથી!! ઓગસ્ટ ૨૦13 માં કૈલાસ માનસરોવર - હિમાલય થી લાવેલ પાણી, જે ૧૧ વરસે શુધ્ધ છે !!

હિન્દુ ધર્મમાં કૈલાસ માસનસરોવર યાત્રા કઠીન છે સાથે પાવિત્ર પણ છે કેંદ્ર સરકાર દ્વારા જતા યાત્રિકો ને દિલ્હી ખાતે અરજી કરી મેડીકલનીં કસોટી પસાર કરવી પડેછે ત્યારબાદ કૈલાસ માન સરોવર જવાની પરમિશન મળે છે સાથે ૨૦,૦૦૦ ? સબસીડી મળેછે બીજી બાજુ ખાનગી પ્રવાસ આયોજકો નેપાળ થઈ ચાઈના ના રૂટ થી લઇ જાય છે આ રૂટમાં પાસપોર્ટ અને વિઝા જરૂરી છે આ પત્ર લેખક ફેમીલી સાથે ભાગવત કથાકાર ભૂપેન્દ્ર પંડ્યા સાથે મુંબઈ ના આયોજક કૈલાસ માન સરોવર યાત્રા ઓગસ્ટ ૨૦૧૩ માં કરી હતી. તે વખતે માનસરોવર માથી પાણીની



બોટલ ભરી લાવ્યા હતા આજે ગ્રહણ બાદ ઘરે પાણી નો છંટકાવ કર્યો ત્યારે પાણી ૧૧ વરસે એકદમ શુધ્ધ ચોખ્ખું છે એક પણ પોરો પડ્યો નથી આ પાણીની બોટલને ક્યારે પણ ફ્રીઝમાં મૂક્યું નથી કે ફિલ્ટર કર્યુ નથી સાચે જ કઈ અજુગતું લાગે છે પણ હકીકત છે

અત્રે એ ઉલ્લેખનીય છે કે ઘરે પાણી. ની માટલી. ૩:૪ દિવસ ના વીંછડી - ધોઈ એ નહીતો પાણી માં પોરા - પાણીમાં પડતી જીવાત પડી જાય છે,સાચેજ આને ચમત્કાર કહેવો કે કેમ એ સાયન્સ નો વિષય છે કૈલાસ માનસરોવર માથી જાતે ભરી લાવેલ પાણી ની બોટલની તસવીર મનહરસિંહ વાઘેલા એ શેર કરી છે




ગાંધીનગર: ચરેડી ખાતે ના રોડ ઉપર આવેલ વૃક્ષોમાં ૩૦,૦૦૦ થી વધુ પોપટોનો પરિવારનો નિવાસ કરે છે તે વૃક્ષોને રોડના વિકાસ માટે "ના" તોડશો. આ પોપટો ગાંધીનગર અને દૂર દૂર થી અહી રાતવાસો કરવા આવે છે તેને બચાવો.

આવા જંગલ ગાંધીનગરના ફેફસાં સમાન પણ છે. આખા ગાંધીનગર માં મોટા ભાગ ના વૃક્ષો કાપી નાખવામાં આવેલ છે.

સરકારી તંત્રને વિનંતી કે આ ૮૦૦ વૃક્ષ "ના" કાપીને પ્રકૃતિ સંરક્ષણનું કામ કરે. બીજો વિકલ્પ સોધે. એટલો ટ્રાફિક દ્વ નથી કે રોડ વધુ પહોળા કરવા પડે. આ મેસેજ ખૂબ ફેલાવીને તંત્રને રોકવા વિનંતી.

# શરદ પૂનમે બાળ કવિ સ્પર્ધા ખંભોળજ સાહિત્ય સેવા દ્વારા યોજાઈ (સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો)

૨૮ ઓક્ટોબર ૨૦૨૩ ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા શરદ પૂનમ વિષય ઉપર ઓનલાઇન બાળ કવિતા ઓ મંગાવવામાં આવી હતી. મોટી સંખ્યામાં માં બાળ મિત્રો એ ભાગ લીધો હતો. પોરબંદર પ્રાથમિક શાળાના વિદ્યાર્થી મિત્રોએ પોતાની રચનાઓ આપી હતી બાળકોને તૈયાર કરનાર વર્ષાબેન પઢીયાર, સુરેન્દ્રનગર જિલ્લા પ્રા. શાળાના શિક્ષક કમલેશભાઈ પટેલ નો સહયોગ જોવા મળ્યો. આશીર્વાદ કોકીલાબેન રાજગોર દ્વારા આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ માં સરસ્વતી વંદના ઉષાબેન દાવલા દ્વારા રજૂ કરવામાં આવી હતી નિર્ણાયક તરીકેની ભૂમિકા કિરણબેન ચોનકર દિવાની દ્વારા, પ્રથમ નંબર પર ખૂંટી ક્રિષ્ના, દ્વિતીય નંબર પર ઓડેદરા જયશ્રી, તૃતીય નંબર પર ઓડેદરા તેજલ આવ્યા



હતા મહાનુભાવો નો પરિચય સંસ્થા પ્રમુખ કવિ ડા. શૈલેષ વાણીયા શૈલ દ્વારા આપવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે આભાર વિધિ સાહિત્યકાર જગદીશભાઈ દ્વારા કરાવવામાં આવી હતી.વોટશોપ ગ્રુપ ૧૮૦ થી ખીચોખીચ ભરેલું હતું. અંતે રાષ્ટ્રગાન પ્રિતી પરમાર પ્રીત દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. સન્માન સમારંભ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારીની બદલી થતા તાલુકા વાસીઓની લાગણી દુભાઈ.

રાજ્યની અંદર સાગમપેટે તાલુકા વિકાસ અધિકારીઓ ની બદલી નો ગંજીપો ચીકપવામા આવ્યો છે ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારી ની પણ હાલના ફરજ પરના સ્થળ ની જગ્યાએ અન્ય સ્થળે બદલી કરવામાં આવતા સમગ્ર ચાણસ્મા તાલુકાના જાગૃત લોકો કે જે લોકોને એવા અધિકારી ની જરૂર હતી કે તાલુકાનો પારદર્શક વહીવટ તેમજ વિકાસ કરવામાં સક્ષમ હોય તેવા અધિકારી ની બદલી થતા લાગણી દુભાઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા છે તેમજ ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારી ની બદલી બંધ રહે તેવી માંગ કરાઈ હતી



ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારી તરીકે છેલ્લા દોઢએક વર્ષ થી ફરજ બજાવતા તેમજ નિષ્ઠાવાન અધિકારી અને પારદર્શક વહીવટ કરી પોતાના સ્ટાફ તેમજ સમગ્ર તાલુકાના નાના માં નાના અરજદારોને સાંભળી તાલુકાના વિકાસ ના કામો માં હરણફાળ ભરાવનાર તાલુકા વિકાસ અધિકારી લક્ષ્મી બેન ઠાકોર ની બદલી બનાસકાંઠા જિલ્લાના વાવ ખાતે કરવામાં આવતા સમગ્ર તાલુકાના વિસ્તારના લોકો ની લાગણી દુભાઈ છે ત્યારે તાલુકા વાસીઓની ની આવા અધિકારી ની બદલી રોકવા ઉગ્ર માંગ ઉઠવા પામી છે

અત્રે ઉલ્લેખનીય છે કે ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારી શ્રી લક્ષ્મીબેન ઠાકોર ચાણસ્મા ની અંદર જ્યારથી તેઓ નું પોસ્ટિંગ કરવામાં આવ્યું છે ત્યારથી તેઓ એક નિષ્ઠાવાન નીડર તેમજ નિષ્પક્ષ અધિકારીશ્રી તરીકેની છાપ ધરાવતા હોઇ આવા અધિકારીની ચાણસ્મા તાલુકાને તાતી જરૂરિયાત હોવાથી તેઓની બદલી રોકવામાં આવે તેવી માંગ ઉઠવા પામે છે

નિખિલ જોષીઃ પાટણ જિલ્લા બ્યુરોચીફ

# ડાંગ આહવા સરકારી વાણિજ્ય અને વિનિયન કોલેજના વિદ્યાર્થીઓ આંતર ઝોનલ કબડ્ડી સ્પર્ધામા બીજા ક્રમે વિજેતા બન્યા



સરકારી વાણિજ્ય અને વિનિયન કોલેજ-આહવાના ખેલાડીઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર ઝોનલ કબડ્ડી સ્પર્ધામા બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે એક ખેલાડી આંતર યુનિવર્સિટીની ટીમમા પસંદગી પામ્યો છે. તારીખ ૨૦ અને ૨૧ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંતર ઝોનલ કબડ્ડી સ્પર્ધા અને આંતર યુનિવર્સિટી પસંદગીનુ આયોજન કરવામા આવ્યુ હતુ. આ સ્પર્ધામા સરકારી વાણિજ્ય અને વિનિયન કોલેજના ખેલાડીઓએ પોતાનો ઉત્કૃષ્ટ દેખાવ કરતા આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધામા બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.આંતર યુનિવર્સિટી સિલેક્શનમા આહવા કોલેજના કુલ ૭ ખેલાડીઓ ભાગ લીધો હતો જેમા એફ.વાય.બીએ ના સાબળે નૈનેશભાઇ સિતારામભાઇનુ સિલેશન થયુ હતુ. જે વિધ્યાર્થી તારીખ ૦૨/૧૧/૨૦૨૩ના રોજ ઇંદોર ખાતે વેસ્ટ ઝોન યુનિવર્સિટી કબડ્ડી રમતમા ભાગ લેવા જશે.આંતર યુનિવર્સિટી સ્પર્ધામા આહવા કોલેજના આચાર્યશ્રી ડો.ઉત્તમ ગાંગૂરડેના નેજા હેઠળ કોલેજના પ્રાધ્યાપક પી.ટી.આઇ શ્રીમતી હિતાક્ષી. આર. મૈસુરીયા દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ અને માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ હતુ.

# બિરસા૦મુંડા ભવન ખાતે ડેડીયાપાડા ધારાસભ્ય શ્રી ચૈતરભાઈ૦વસાવા , વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા અને અનુસૂચિત જનજાતિ ના સ્કોલરશીપ થી વંચિત વિદ્યાર્થીઓ દ્વારા હલ્લાબોલ



બિરસા૦મુંડા ભવન ખાતે ડેડીયાપાડા ધારાસભ્ય શ્રી ચૈતરભાઈ૦વસાવા , વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા અને અનુસૂચિત જનજાતિ ના સ્કોલરશીપ થી વંચિત વિદ્યાર્થીઓ દ્વારા હલ્લાબોલ

વર્ષ ૨૦૨૨-૨૩ ના વર્ષ ની વિવિધ પ્રોફેસનલ કોર્ષ (આઇટીઆઇ, ડિપ્લોમા, ડિગ્રી, માસ્ટર ડિગ્રી, મેડિકલ વિધ્યા વગેરે...) તથા વિવિધ નોન પ્રોફેસનલ કોર્ષ (બી.એ, બી.કોમ, બી.બી.એ, બીસીએ, વગેરે...) ની વિધાર્થોની પોતાના અધિકારની મળવા પાત્ર શિષ્યવૃતિ ૧૫ મહિના કરતા પણ વધારે સમય ગાળાથી મળેલ નથી. આવા વિધ્યાર્થીઓની સંખ્યા લગભગ ૮૦% થી પણ વધારે છે. જેના કારણે સંસ્થાઓ દ્વારા વિધ્યાર્થીઓ પાસેથી ફી ની ઉઘરાણી/માંગણી કરતા ઘણા બધા વિધ્યાર્થીઓ એ પોતાનો અભ્યાસ પણ છોડી દીધેલ છે. જ્યારે સરકાર અનુસુચિત જન જાતિ વિકાસ અને અભ્યાસ માટે ઘણી બધી જાહેરાત કરે છે. પરંતુ છેલ્લા ૧૫ મહિનાથી વિધ્યાર્થીઓ મળવા પાત્ર શિષ્યવૃતિ થી વંચિત રહેલ છે. જો આગામી આઠ દિવસ માં વિધ્યાર્થીઓ ની શિષ્યવૃતિ નહી મળે તો અમે આ ૫૦૦૦ વિધ્યાર્થીઓ દ્વારા અહી બિરસા મુંડા ભવન ખાતે ધરણાં કરશું. જે આપના ધ્યાન માં રહે.આજે બિરસા મુંડા ભવન ખાતે યુવરાજ સિંહ દ્વારા મુલાકાત કરી હતી. જે બાબતે બિરસા મુંડા ભવન સંદર્ભે અમુક મુદાઓ આપની સક્ષમ રાખું છું.વર્તન કમિશ્નર ના સમયમાં છેલ્લા ૬ મહિનાથી અવ્યવસ્થા ચાલી રહી છે. જેમાં અનેક કાયમી કર્મચારીના પણ પગાર સમયસર નથી થતા. (બે-બે મહિના) તેમજ કોન્ટ્રાક્ટર વાળા કર્મચારીના ૪-૫ મહિનાના પગાર અટકેલ છે.વર્ષોથી કોન્ટ્રાક્ટર પર કામ કરતા કર્મચારીઓને છૂટા કર્યા છે. તેમજ અનેક કર્મચારીના કોન્ટ્રાક્ટરની ફાઈલો દબાવી છે (૨-૩ મહિનાથી) જેમને છૂટા કે હાજર કરવાનો નિર્ણય આપેલ નથી.ફ્રી શિપ કાર્ડ માં ૨.૫ લાખ ની જે આવક મર્યાદા રાખવામાં આવેલ છે તે દૂર કરવામાં આવે જેથી ઉંચ અભ્યાસ માં વિદ્યાર્થીને ફાયદો રહે.ડિજિટલ શિષ્યવૃત્તિમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન માં અધિકારીઓ દ્વારા કેરમ ની કૂકરી ની જેમ રમાડવામાં આવે છે.

# ડાંગ જિલ્લાના સુબિર તાલુકાની વિવિધ શાળાઓમા સઘન સ્વચ્છતા ઝુંબેશ



"સ્વચ્છતા હી સેવા"ના સૂત્રને અપનાવીને સમગ્ર રાજ્યમા સઘન સફાઈ અભિયાન શરૂ થયુ છે. જે અંતર્ગત સુબિર તાલુકાના વિવિધ ગામોમાં "સ્વચ્છ ગ્રામ, સુંદર ભારત"ની નેમ સાથે સ્વચ્છતા ચાલી રહી છે. અહીં તબક્કાવાર આયોજનપૂર્વક વિવિધ વિસ્તારોમાંથી કચરો, ગંદકી દૂર કરીને આ વિસ્તારો સ્વચ્છ અને સુઘડ બનાવવામા આવી રહ્યા છે.

સુબિર તાલુકાના વિવિધ ગામો, વિસ્તારોમા સઘન સફાઈ ચાલી રહી છે. જેમા વ્યાપક જનસહયોગ પણ મળી રહ્યો છે. સુબિર તાલુકાના મોખામાળ, કેશબંધ, કિરલી, બીલબારી અને લવચાલી પ્રાથમિક અને હાઈસ્કુલની શાળાઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામા આવ્યુ હતુ.

આ સ્વચ્છતા અભિયાનમા શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ અન્ય સ્ટાફે મળીને "સ્વચ્છતા એ જ સેવા"ના સૂત્રને સાર્થક કર્યુ હતુ. આ સાથે નકામો કચરો દૂર કરીને વિવિધ વિસ્તારોની કાયાપલટ કરાઈ હતી.




ટ્રિબેકા પેનલ ઈન્ડિયા એલએલપી ના સહયોગથી, સતત ૧૮મા વરસે જેમ્સ બિઝનેસ નેટવર્ક અને જેમ્સ ઓફ ફ્રેન્ડશિપે, ગરીબો મા પાપડી જલેબી અને ઈડલી ચટની નું વિતરણ કર્યું. આ પ્રસંગે પુ. ભૂપેન્દ્રભાઈ પંડયા (ગુરુજી), કોર્પોરેટર બીનાબેન દોશી, દીપાબેન પાટીલ તેમજ ગુજરાતી સેવા મંડળ ના ટ્રસ્ટી મુકેશભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. જી.બી.એન ના સંચાલક વિરેશ વોરાના કહેવા મુજબ ૧૧૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.